Vol. 03, Issue 03, December 2021
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info... www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

# કચ્છમાં આવેલ રામાયણ તથા મહાભારત સમયના પ્રાચીન ઐતિહાસિક સ્થળો

**CHAUHAN VIPULKUMAR BHIKHABHAI**
Ph.D. Research Scholar
Gujarat Vidyapith – Ahmedabad
Email- vipulchauhan41@gmail.com

**સારાંશ**

પ્રવાસ, પર્યટન માનવ જીવનનું એક અભિન્ન અંગ છે. આજનું માનવજીવન સતત યંત્રવત બનતું જઈ રહ્યું છે. ચિંતા, દોડધામ, કામની વ્યસ્તતા, ઉચાટ, માનસિક ત્રાસ, જીવનમાં સતત તણાવ વગેરેને કારણે માનવી તેમાં કંઈક નવું પરિવર્તન લાવવા માટે પ્રવાસ પર્યટન નો આશરો લે છે.

ક્યારેક આનંદ પ્રમોદ માટે ક્યારેક કામ સબબ અથવા તો મોજ મસ્તી કે શોખ થી એક સ્થળે થી બીજા સ્થળે લોકો પ્રવાસ નું આયોજન કરે છે. તે કુદરતી સ્થળ, દરિયા કિનારે, નદી કાંઠે, ધાર્મિક સ્થળે હરવા ફરવા જાય છે. જેના કારણે તેના એકધારા, કંટાળા જનક જીવનમાં પરિવર્તન આવે છે ને તેને કાર્ય કરવાની નવી ઉર્જા પણ મળે છે.

કચ્છ પ્રવાસન ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે તે રામાયણ તથા મહાભારત કાળના સમય માં પણ કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. પાંડવો તથા રામ વનવાસ સમય દરમ્યાન કચ્છમાં પધાર્યા હતા તેના પુરાવા સ્વરૂપ કેટલાક સ્થળો કચ્છમાં આવેલા છે જે પરથી કચ્છ કેટલું વિશેષ સ્થાન ઈતિહાસ માં ધરાવે છે તેનો ખ્યાલ આવે છે.

**Key Words:** કચ્છનું નામકરણ, રામાયણકાળમાં કચ્છ, મહાભારતકાળમાં કચ્છ,

## પ્રસ્તાવના :-

માનવી તેના વ્યસ્તતાપૂર્ણ જીવનમાંથી મુક્તિ મેળવ્યા કે આનંદ પ્રમોદ માટે પ્રવાસ પર્યટનનું આયોજન કરે છે તો ક્યારેક વચન નિભાવવા કે  વડીલઆજ્ઞાથી પણ ભ્રમણ કરવાનું થતા વિવિધસ્થળો એ પ્રવાસ ખેડવો પડતો હોય છે જેના પુરાવા ઈતિહાસ માં જોવા મળે છે.

મહાભારતના સમયમાં પણ આપણે નજર કરીએ તો કૌરવ-પાંડવવચ્ચે જુગારની રમતમાંપાંડવોની કારમી હાર થતા તેમને બાર વર્ષનો વનવાસ તથા એક વર્ષનો અજ્ઞાત વાસ ભોગવવાનો સમય આવ્યો ત્યારે વિવિધ સ્થળોએભ્રમણ કરતા તેઓ કચ્છ ની પણ મુલાકાતે આવ્યા હતા તેના પુરાવ ઈતિહાસમાં જોવા મળે છે.

રામાયણ કાળમાં પણ કચ્છ નો ઉલ્લેખ જોવા મળે છે કે ચૌદ વર્ષના વનવાસમાંજયારેકૈકઈ વચનમાંગે છે કે ભરતને રાજગાદીને રામને વનવાસતે સમયેભ્રમણકરતા કરતા તેમને કચ્છની ધરાને પાવન કરી હતી તેના પણ પુરાવા જોવા મળે છે.

આમ, કચ્છ પ્રદેશ એક આગવું મહત્વ ધરાવતો પ્રદેશ છે જેના પુરાવા આપણને જોવા મળે છે.

**કચ્છનું નામકરણ:-**

"કચ્છઅંગેનો સૌ પહેલીવાર ઉલ્લેખ અમરસિંહ કૃત'અમરકોશ' પંચમી છઠી સદીઈ.સ. ના સંસ્કૃત શબ્દકોશમાં મળે છે. જયારે પણ આજની કચ્છ ભૂમિનું નામ સંસ્કૃત સાહિત્યમાં '' તરીકે વપરાતું હશે તો ત્યારે સમગ્ર પ્રદેશ પાણી થી સમૃધ્ધ હશે.[૧]

સંસ્કૃત ભાષાના મહાન વ્યાકરણકાર પાણીનીએ'અસ્તાધ્યાયી' સંસ્કૃત વ્યકારણનાપરિશિષ્ટ રૂપ'ગાણપાઠ' માં કચ્છાદિગણના શબ્દોની યાદી આપતા અસ્ટધ્યાયી ૪-૨-૧૪૩ પહેલા જ દેશ વાચક કચ્ચ શબ્દ આપે છે

સાર્થ જોડણીકોશ માં કચ્છ ના વિવિધ પાંચ ના આપેલા છે જેમાં ૧. કછોટો, ૨. કાચબો, ૩. કોનારો, ૪. હમેશા જ્યાં પાણી રહે છે તે પ્રદેશ, ૫. કાઠીયાવાડની ઉત્તરનોએ નામનોપ્રદેશ.[૩]

આમ, ઈતિહાસમાં નજર કરીએ તો કચ્છ પ્રદેશને વિવિધ નામ આપવામાં અવેલાછે જે તેની વિશેષતાને આધારિત છે. જે તેના ભૌગોલિક વિસ્તાર, વિશેષતો તથા આકારને આધારિત છે.

**રામાયણકાળમાં કચ્છ :-**

ભગવાન શ્રીરામવનવાસ દરમ્યાન કચ્છમાં પધાર્યા હતા. તેના ઐતિહાસિક પુરાવા કચ્છના અબડાસામાં જોવા મળે છે.

"રામવાડા" એટલેટે સમયનું રામારણ્યજે નાલીયાથી ૩૯ કિમી તથા ભુજ થી ૧૪૦ કિમી છે. તે સમયે અહિયાં ગાઢ જંગલ હતું તેવું કહેવાય છે.

શ્રીરામજી તેમના વનવાસના ચૌદ વર્ષના સમય ગાળામાં થોડાક સમય અહિયાં આશ્રમ બનાવીને રહ્યા હતા. તેવું માનવામાં આવે છે. અહી બાંધવામાં આવેલા મંદિરમાં રામ, સીતા, લક્ષ્મણની મૂર્તિઓ આવેલ છે તથા ઉપરના ભાગમાં રુક્ષ્મણી, સત્યભામા અને જાબુવતી ની મૂર્તિઓ છે. તથા દ્વારકાધીશ, રણછોડરાયનીમૂર્તિઓઆવેલીછે. સુરજકુંડ, રામકુંડ, સીતાકુંડ, લક્ષ્મનકુંડ તથા ધનુષ્યકુંડમાંપાણીનોપ્રવાહઅવિરતવહેતોજોવામળેછે. અહીચૈત્રસુદ૯નામેળોભરાયછે. તથાભાવિકભક્તોનારોકાણમાટેનીવ્યવસ્થાપણછે.[૪]

આમ, રામાયણકાળમાં કચ્છના અબડાસામાં આવેલ રામવાડામાં ભગવાન શ્રી રામના પુરાવા જોવા મળે છે.

**મહાભારતકાળમાં કચ્છ:-**

મહાભારતમાં કચ્છની ઓળખ માટેના શબ્દ પ્રયોજ્યો છે "આભીર"૫ મહાભારત ગ્રંથના લખાણમાં કચ્છનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે.

કચ્છના રાપર તાલુકના ગેડી ગામમાં પાંડવોનો વનવાસ સમયે કરેલ રોકાણના ઐતિહાસીક પુરાવાપ્રાપ્તથાય છે.જે ભુજથી ૧૭૪ કિમી તથા રાપર થી ૨૪ કીમી થાય છે. મહાભારતકાળમાં અજ્ઞાતવાસમાં પાંડવો અહિયાં રોકાણ કર્યું હતું. જેમાં અર્જુન વ્યંઢળના વેશ માં રહ્યા હતા. ભીમસેનેકીચકવધ અહિયાં જ કરેલ જે જગ્યા વિરાટ નગર તરીકે

Vol. 03, Issue 03, December 2021
ISSN (Online) No. 2 5 8 2 – 0 4 6 X
"Ansh - Journal of History" A Peer Reviewed International Refereed Online Journal
View More Info… www.ansh.ichrc.co.in Email : ansh.history@gmail.com

જાણીતી હતી. તેમને બંધાવેલ 'દશાવતાર' નું વિશાળમંદિરઉત્તરાની યાદમાં બંધાવેલ ઉત્તરેશ્વર મહાદેવમંદિર મોજુદ અવસ્થામાં પરંતુ ખંડિત હાલતમાં જોવા મળે છે.૬

અત્યારનું ગેડી ગામ "ધ્રુપતદી" હતુંઆજનાગામની જમીનમાં જૂનાં ગેડીના અવશેષો અત્યારે પણ પ્રાપ્ત થાય છે.

**દંતકથા:-**

ગેડી ગામમાં માલવ ઠક્કર નામનો ઘીનો વેપારી હતો. એક વખત એક રબારણ બાઈ ઘીનો ઘડો લઇ વેચાણ કરવા આવી. માલવ દુકાનની ઘરાકીમાં વ્યસ્ત હતા તેથી તેણીએ ઘીનો ઘડોઈંઢોણી પરમુકીનેપાછી આવું છું એક કહીને ગઈ. કામમાંથી નવરાસ લઈને ઠક્કરે એ ઘડાના પાત્રમાંથી ઘી કાઢી પાછું ઈંઢોણી પર મુક્યું તો પાછું તે પાત્ર ઘીથી ભરાઈ ગયું. ઠક્કરને ખ્યાલ આવી ગયો કે ઈંઢોણી ચમત્કારી છેતો તેને રબારણની ઈંઢોણી બદલીને સંતાડી  દીધી. ત્યારબાદ અ ઈંઢોણીથી ખુબ ધન કમાયો જે ધનનો ઉપયોગ તેને જૈન મંદિર, માલવ તળાવ, માલસર તળાવ વગેરે બંધાવ્યા.૭

આમ, મહાભારત કાળમાં કચ્છનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે.

**વ્રજવાણી :-**

મહાભારતસમય ભાગવાનકૃષ્ણ સાથે પણ કચ્છ નો નાતો જોડાયેલ છે. જેની સાક્ષી આજનું વ્રજવાણી પૂરેછે. જે રાપર થી ૫૦ કી.મી. ના અંતેર આવેલ છે.

યદુવંશી અહિરો જયારે મથુરાથી દ્વારકા જવ માટે ભગવાન શ્રી કૃષ્ણ સાથે નીકળ્યા હતા અને યાત્રા દરમ્યાન કેટલાક તેમાંથી અમુક કુટુંબો કચ્છનારણમાંવસવાટ કરતા રોકાઈ ગયા અમેમથુરા પાસેનાવ્રજની યાદમાં ગામનું નામ વ્રજવાણી રાખ્યું. આ ગામમાંઆહિરોની વસ્તી વધારે છે. પ્રાંથડીયા આહિર તરીકેઓળખાય છે ગામ સાથે અમુક ઐતિહાસીક કથા સંકળાયેલ છે કેવ્રજવાણી ગામની મહિલાઓ, આહિરાણીઓ ઢોલીનાતાલ પર રાસ રમવા લાગે છે. ૧૨૦ આહીરાણીઓસમયનું ભાન ભૂલીને રાસ રમવા માં એટલી તલ્લીન થઇ ગઈ. જેથી આહિર ભાઈઓતપાસકરવાઆવ્યા. અને તેમને જોયું કે ૧ ઢોલીએઢોલની દાંડીના તાલમાં આહીરાણીઓને ઘેલી બનાવેલ છે. આહિરોએ અદેખાઈથીઉશ્કેરાઈને ઢોલીને ડાંગથી મારી નાખ્યો. તાલ બંધ થતાં આહિરાણીઓ ને સત ચડયું અને તમામ ૧૨૦ આહિરાણીઓ એ ઢોલી પાછળ સતી થઇ ગઈ. આજે પણ આ જગ્યા પર એ ઢોલીનાપાળિયા અને૧૨૦ આહિરાણીઓના પાળિયા ઉભા છે. આ પાળિયા પરસવંત ૧૫૧૧ વંચાય છે. જુનું વ્રજવાણી જેયાદવોનાસમયમાં વસાવેલું હતું. જે નાશ પામતા ત્યારબાદ નવું વ્રજવાણી વસાવેલ છે. આજેપણઆ ગામનું પાણી આહિરો પિતા નથી. અત્યારે આ ગામમાં પટેલ, મીરઅનેબ્રાહ્મણની વસ્તીનો વસવાટ છે, પરંતુ આહિરોનું એક પણ કુટુંબ વસતુંનથી. મોસમનો પહેલો વરસાદ થયા પછી ઢોલીયરના પાળિયાને નાળીયેર વધેરીને પછી જ વાવણીનું કામ  શરુકરવાની પ્રથા અત્યારે પણ જાળવી રાખી છે.૮

**બૌદ્ધ સમયકાળ:-**

કચ્છએ પ્રાચીન તથા ઐતિહાસીક મહત્વ ધરાવતો પ્રદેશ છે. જે રામાયણ, મહાભારતની સાથે સાથે બૌદ્ધ સમયગાળા સાથે પણ સંકળાયેલો પ્રદેશ છે.કચ્છમાં વિવિધ સ્થળોએ બૌદ્ધ ધર્મના પુરાવા આપતી ગુફાઓને પુરાવારૂપે સ્થળો પણ આવેલ છે. જેમાં બૌદ્ધ ગુફાઓનો સમય આશરે ઈ.સ. પૂર્વે ત્રીજી સદી થી સાતમી સદી નોંધવામાં આવે છે.

**સિયોત(કટેશ્વર)ની બૌદ્ધ ગુફાઓ :-**

કચ્છબીજી અને ત્રીજી સદીમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર હતો તેના કેટલાક પુરાવા કટેશ્વરમાં આવેલ બૌદ્ધ ગુફાઓ માંથી મળી આવે છે. ચીની મુસાફર હ્યુ.એન.સાંગની ભારતની યાત્રા દરમ્યાન કચ્છના પશ્ચિમકિનારે

આવેલ કટેશ્વરનો ઉલ્લેખ કરે છે. તેની નોંધ મુજબ ૫૦૦૦ બૌદ્ધ ભિક્ષુઓના મઠો નજરે પડેલા. ઘણા લેખકો તથા ઈતિહાસકારોના લેખોમાં કટેશ્વરનો ઉલ્લેખ જોવા મળે છે. સિયોત માંથી મળેલા ગુફાના શીલાના અવશેષોને કચ્ચ મ્યુઝીયમમાં મુકવામાં આવ્યા છે.૯

દયાપરલખપતના માર્ગે જતા ઘડુલી ગુનેરીના માર્ગેથી સિયોત જવાય છે.

કટેશ્વરી-સીયોતની ગુફા સમૂહની સાથે જ તળ ઉપરથી ક્ષત્રપકાલીન જણાતી વિશાળ વસાહતના અવશેષો બહુ મોટા પ્રમાણમાં ફેલાયેલા પડ્યા છે. તળ ઉપરથી મળતા ઠીકરા ઉપરથી જણાય છે કે ક્ષત્રપકાળ બાદ પણ ચાર પાંચ સદી તો ત્યાં આબાદી ટકી હશે. આ પ્રાચીન વસાહતોનો આદીસમ્યા માત્ર તળ નિરીક્ષણ પરથી નક્કી નજ થઈ શકે. લગભગતે ક્ષત્રપકાલીન માનતી ગુફાઓ પાસેથી મળતા રેડ પોલીશ વેર ઠીકરાના કારણો એ ઠીકરાના મૂળની જેમ ગુફાઓના મૂળ પણ પ્રાચીન હોવાની સંભાવના છે.૧૦

હ્યું.એન.સાંગ ભારતમાં આવ્યો ત્યારે તેને કચ્છની પણ મુલાકાત લીધી હતી. જેમાં તેની પ્રવાસ ડાયરીમાં નોંધ કરી કે ટે સમયે કચ્છમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર હતો. જેના પુરાવા સ્વરૂપે શૈલોત્કીર્ણ ગુફા સિયોત માંથી મળી આવે છે. આ ગુફાની સર્વેની પ્રથમ નોંધ ઈ.સ. ૧૯૭૯ માં બન્સે કરેલી. ડૉ. કાંતિલાલ સોમપુરાના માટે આ ગુફાઓ નો ઉપયોગ તે સમયના ધાડુપાડુઓ ખાપરા અને કાંડિયાએ પોતાના લુંટનો માલ સંતાડવા પણ કર્યો હશે.૧૧

આમ, સિયોતની શૈલોત્કીર્ણ ગુફાએ બૌદ્ધ ધર્મની તે સમયની કચ્છમાં હાજરી દર્શાવે છે અને કચ્છને ઈતિહાસમાં પ્રાચીન ઐતિહાસીકહોવાનો દરરજો અપાવે છે.

**સમાપન :-**

આમ, કચ્છ પ્રદેશ ખુબજ વિશેષતા તથા મહત્વ ધરાવતો પ્રદેશ છે. જેમો ઉલ્લેખ પુરાણોમાં પણ જોવા મળે છે. જેની નોંધ રામાયણતથામહાભારતમાં પણ જોવા મળ્યો છે.

પાદનોંધ :-

૧. કે.કે. શાસ્ત્રી, અસંજો કચ્છ, બુટલા પ્રકાસન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩, પૃ-૧૮.

૨. હં.ગ.શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૧૯૭૩, પૃ-૪૨.

૩. સાર્થ ગુજરાતી જોડણી કોશ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ, છઠી આવૃત્તિ, જુન-૧૯૯૫, પૃ-૧૪૬.

૪. કચ્છ અચીજા, કચ્છ પ્રવાસ ગાઈડ, પ્રમોદજેઠી, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ-૪૮.

૫. કચ્છ તારી અસ્મિતા, કચ્છ મિત્રવિશેષ પ્રકાશન ૧૯૯૬, પૃ-૫.

૬. કચ્છ અચીજા, પ્રવાસ ગાઈડ, પ્રમોદજેઠી, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૦, પૃ-૪૧.

૭. ઉપરોકતપૃ-૪૧.

૮. ઉપરોકતપૃ-૪૨.

૯. ઉપરોકતપૃ-૪૯.

૧૦. કચ્છનોસર્વાંગી ઈતિહાસભાગ-૧, પ્રથમ આવૃત્તિ ૨૦૧૨, પૃ.-૭૯

૧૧. ઉપરોક્તપૃ-૧૯૪

સંદર્ભસૂચી :-

૧. કચ્છ તારી અસ્મિતા.

૨. કચ્છડો બારે માસ.

૩. કચ્છ અચીજા.

૪. કચ્છનોસર્વાંગી ઈતિહાસ.

૫. કચ્છનીલોક સંસ્કૃતિ – પ્રવાસનના સંદર્ભમાં.